# અતિચાર
# અને
# ભારતીય ફોજદારી ધારો

❑ ડૉ. કવિન શાહ

વિચારનો સાર તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનનો સાર ધર્મ છે. અને ધર્મનો સાર આચાર છે. મનુસ્મૃતિમાં ''**आचारः परमो धर्मः**''નો ઉલ્લેખ થયેલો છે. ૪૫ આગમમાં સૌપ્રથમ અંગ સૂત્ર તરીકે આચારાંગને સ્થાન આપવામાં આવ્યું છે. તે ઉપરથી આચારની મહત્તાનો પ્રાથમિક ખ્યાલ આવી શકે તેમ છે. આચાર છે ત્યાં જ ધર્મ છે.

આચારને વિવિધ ધર્મો ને સંપ્રદાયો સમજાવે છે તદ્‌અનુસાર આચાર એ શૌચ ક્રિયા કુલપરંપરાથી રિવાજનું પાલન. આચારમાં ધર્માચારનો પણ સમાવેશ થાય છે. દરેક ધર્મમાં વિશિષ્ટ આચારસંહિતા છે. તેનો મૂળભૂત હેતુ મનુષ્યમાં રહેલી દિવ્યતાની અનુભૂતિ કરાવવાનો, આત્મસ્વરૂપ પામવાનો છે. આચાર માત્ર બાહ્યાડંબર બની જાય ત્યારે આચારની નિંદા કરવામાં આવે છે. પણ આચાર ખોટો નથી. તેનું આચરણ કરનાર અજ્ઞાની-અર્ધદગ્ધ છે એટલે આચારથી જે પામી શકાય તે પામી શકતો નથી. સંસારી કે ત્યાગી જીવન જીવતા માનવીઓ હોય તો પણ આચારના હાર્દને સમજીને પાલન કરે તો આચારનું મૂલ્ય સુવર્ણ કરતાં પણ અધિક છે કે જેનાથી આત્માની અનંત શક્તિ ને દિવ્યતાનો પરિચય થાય છે.

આચાર વિશે જૈન ધર્મમાં સાધુનાં પાંચવ્રત અને શ્રાવકનાં ૧૨ વ્રતનો ઉલ્લેખ થયેલો છે. વ્રતગ્રહણ પછી તેમાં લાગેલા દોષના નિવારણ માટે અતિચારનું વિધાન છે. દેવગુરુ અને ધર્મની સાક્ષીએ લાગેલા અતિચારની નિંદા અને ગર્હા કરવાની પવિત્ર ક્રિયા અતિચાર દ્વારા પ્રતિક્રમણમાં થાય છે.

મનુષ્યમાં રહેલી તામસી ને રાજસી પ્રકૃતિથી વિકૃત વર્તનથી જે અતિચાર ને અનાચારનું સેવન થાય છે તેને નિયંત્રિત કરવા માટે આચારસંહિતા છે. આવી આચારસંહિતાના પાલનથી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં શાંતિ સ્થપાય છે. રાજ્યની શાંતિનો આધાર પણ માનવ સમાજના સંસ્કારપૂર્ણ સભ્ય વર્તન પર અવલંબે છે.

ધર્માચરણ દ્વારા માનવ વધુ સંસ્કારી ને સંયમી બની કુટુંબ, સમાજ ને રાજ્યમાં પોતાના આવા વ્યવહારથી શાંતિમય જીવન જીવે છે. જેમ જેમ ધર્માચરણની શિથિલતા વધતી ગઈ તેમ તેમ ધર્મના આચારમાંથી રાજ્ય સરકારે રાષ્ટ્રમાં ''શાંતિ, સલામતી, જીવોને જીવવા દો'' જેવા ઉદાર વિચારોથી કાયદા ઘડીને વ્યક્તિના વર્તનને સુધારવા નિયંત્રિત કરવા માટે પ્રયત્નો કર્યા છે. કાયદાના ભંગ બદલ આ જન્મમાં સરકારી કાયદેસરની કાર્યવાહી કરીને જે તે વ્યક્તિ કે સંસ્થાને શિક્ષા કરે છે.

ભારતીય ફોજદારી કાયદામાં ઘણા કાયદા એવા છે કે જેને ધર્મના અતિચારની સાથે સીધો સંબંધ છે. કાયદાના ઉદ્‌ભવસ્થાન તરીકે ધર્મનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ધર્મ, જાતિ અને કાયદાનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. વ્યવહારજીવનમાં સંપત્તિ અને સત્તાના પ્રભાવથી કાયદામાંથી છટકી જઈ શકાય પણ કર્મસત્તા ઉદયમાં આવે ત્યારે કોઈ છટકબારી રહેતી નથી.

વર્તમાન સમયના કેટલાક કાયદા અને અતિચારનો તુલનાત્મક પરિચય અહીં આપવામાં આવ્યો છે. તેનું મુખ્ય પ્રયોજન ધર્મ એ કપોલકલ્પિત હમ્બગ, માત્ર પાપ-પુણ્યનો ડર ફેલાવીને લોકોને ગભરાવવાનું છે એવી માન્યતાનું જોર વધી રહ્યું છે ત્યારે આ વિગતો ધર્મની શ્રદ્ધા, આત્માની શાશ્વતતા અને કર્મ પુનર્જન્મના શુભાશુભ ફળનો કર્તા ભોકતા આત્મા છે ને શરીરે એ સાધન છે, સાધ્ય મોક્ષ છે જેવી જૈન દર્શનની મૂળભૂત માહિતી સ્પષ્ટ કરવામાં માર્ગદર્શન બને તે છે.

'હિન્દુ કાયદો' એ નામથી કાયદાનું પુસ્તક પ્રગટ થયેલ છે. તેમાં હિંદુ કાયદાની વિગતવાર માહિતી આપવામાં આવી છે. કાયદાના ઉદ્‌ગમસ્થાનમાં ધર્મગ્રંથોનો મોટો ફાળો છે. હિન્દુ કાયદા અંગેની માહિતી, મહત્ત્વની વિગતો અત્રે નોંધવામાં આવી છે. મુસ્લિમ જ્ઞાતિ માટે મુસ્લિમ કાયદો અસ્તિત્વ ધરાવે છે. તેમાં કુરાને શરીફમાં હજરત મહંમદ પયગંબરે જે વિચારો વ્યક્ત કર્યા છે તેનો સંદર્ભ રહેલો છે. વિશ્વના ધર્મનો મહદ્ અંશે દેશ-પરદેશના કાયદા પર પ્રભાવ પડેલો છે. ભારતીય ફોજદારીધારો ઇ.સ. ૧૮૬૦થી અમલમાં આવ્યો છે.

આ ધારાના અસ્તિત્વ પહેલાં રાજા-મહારાજાઓ પોતાના તાબા હેઠળના વિસ્તારમાં પ્રજાજનોની શાંતિ ને સુખાકારી માટે ધર્મનો આશ્રય લઈને વહીવટ કરતા હતા. પૂર્વજીવનમાં ડોકિયું કરતાં એમ લાગે છે કે વ્યક્તિ ને સમાજ-જીવનમાં ધર્મનો વિશેષ પ્રભાવ હતો એટલે લોકો નીતિપરાયણ અને માનવીય ગુણોથી સંસ્કાર-સંપન્ન જીવન જીવતા હતા.

ધર્મ દ્વારા લોકોની અનૈતિક એષણાઓ અને આચારનું નિર્મૂળ કરવાનું કાર્ય થયું હતું. વર્તમાનમાં સ્વતંત્રતા, સ્વચ્છંદતા, ધર્મપ્રત્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશ્રદ્ધા અને નાસ્તિક્તાથી અનેક અનર્થો સર્જાય છે. જીવનની શાંતિ ને સલામતીને મરણતોલ ફટકા વાગ્યા છે ત્યારે તુલનાત્મક વિચારો વ્યક્તિના જીવનને ઊર્ધ્વગામી બનાવવામાં પ્રેરક બને તેમ છે. હિન્દુ કાયદા અંગેની ઐતિહાસિક માહિતી અહીં આપવામાં આવી છે.

હિંદુ કાયદો હિંદુ ધર્મના ગ્રંથોને આધારે રચાયો હતો. તેમાં કોઈ દૈવી અંશો નથી. વળી કોઈ રાજાએ પણ આ કાયદા ઘડ્યા નથી. ધર્મગ્રંથોમાં વ્યક્તિના વર્તનને માનવીય ગુણોના સંદર્ભમાં વિકાસ કરવા માટે ચોક્કસ આચાર વિચારના નિયમો હતા. નીતિશાસ્ત્રના નિયમો એ પણ ધર્મ ગ્રંથોમાંથી જ નવા સ્વરૂપે સ્થાન ધરાવે છે. હિંદુ કાયદો રૂઢિઓ પર આધારિત હતો એવો મત પ્રચલિત છે. ધર્મગ્રંથોમાંથી આ કાયદાનો ઉદ્ભવ થયો એમ સ્વીકારીએ એટલે તેમાં સામાજિક, ધાર્મિક, નૈતિક અને કાનૂની જવાબદારીઓનો સમાવેશ થાય છે. ધર્મના નામથી લોકોની આચારશુદ્ધિ વિશેષ રીતે અસરકારક બની હતી. દિનપ્રતિદિન સમાજજીવનમાં પરિવર્તનના પ્રવાહની સાથે ધાર્મિક માન્યતાઓ બદલાઈ અને વર્તનમાં ફેરફાર થતાં નૈતિક મૂલ્યોનું ધોરણ બદલાતાં કાયદાના સ્વરૂપે હિંદુ ધર્મના નિયમો અસ્તિત્વમાં આવ્યા છે. કાયદો બંધારણની સત્તાથી પાર્લામેન્ટ ઘડે છે. એટલે ધર્મના નિયમોના પાલન માટે કોઈ ફરજ પાડી શકે નહિ. તેમાં સ્વેચ્છાપૂર્વક નિયમ પાલનની જવાબદારી છે. જ્યારે કાયદાનું પાલન કરવાની દેશના નાગરિક તરીકે જવાબદારી રહેલી છે. ખ્રિસ્તીયુગ શરૂ થયો ત્યાર પહેલાં પણ હિંદુ કાયદો અમલમાં હતો એનું મૂળ વેદ-સ્મૃતિઓ શ્રુતિઓ જેવા અતિ પ્રાચીન ગ્રંથોમાં રહેલું છે.

**શ્રુતિ**-એટલે સાંભળેલું. પૂર્વકાલીન રૂષિઓ શ્રુત પરંપરાથી ધર્મના વિચારો આત્મસાત્ કરતા હતા. તેમાં મુખ્યત્વે ધાર્મિક વિચારો જ હતા. કાયદો કરી શકાય તેવા વિચારો કરતાં માનવ સાથે સંબંધ ધરાવતા નૈતિક નિયમો વિશેષ રીતે જોવા મળે છે. વેદ-વેદાંગો અને ઉપનિષદો એ શ્રુતિઓના ઉદાહરણ રૂપ છે.

**સ્મૃતિઓ** :- એ રૂષિઓનાં વચનોનો સંગ્રહ છે. તેમાં ધર્મના વિચારો અને નિયમોની નોંધ છે. આવી સ્મૃતિઓમાં ગૌતમ, બૌધાયન, વસિષ્ઠ, વિષ્ણુ, મનુ, યાજ્ઞવલ્ક્ય અને નારદસ્મૃતિ નોંધપાત્ર છે. છેલ્લી ત્રણ સ્મૃતિઓ હાલ ઉપલબ્ધ છે. બાકીની અલેખિત છે.

**મનુસ્મૃતિનો** રચનાસમય ચોક્કસ નક્કી થઈ શકતો નથી. તેમાં ભગવાન મનુએ આપેલાં ૧૮ શીર્ષક હેઠળ દીવાની અને ફોજદારી કાયદા હાલ જે અમલમાં છે તેનો મૂળ સંદર્ભ રહેલો છે. મિલકત કરાર, ભાગીદારી, માલિક અને નોકરનો સંબંધ વગેરે વિસ્તારથી વિગતો આપવામાં આવી છે. મનુસ્મૃતિમાં રૂઢિ અને તેના પાલન પર ભાર મૂકવામાં આવ્યો છે. અને દંડવિધાન પણ જણાવેલું છે. મનુસ્મૃતિ કરતાં નારદ અને યાજ્ઞલ્ક્યસ્મૃતિ વધુ વ્યવસ્થિત રીતે સંકલિત થયેલી છે.

**યાજ્ઞવલ્ક્યસ્મૃતિના** પાયામાં મનુસ્મૃતિ છે. તેમાં મનુષ્યના આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત નામના ત્રણ વિભાગમાં કાયદાની વિગતો ચર્ચવામાં આવી છે. તેમાં ૧૦૦૯ શ્લોકો છે. તેના પર બૌદ્ધ ધર્મનો પ્રભાવ પડેલો જણાય છે. નિયમો અને પુરાવા અંગે પણ વિગતો છે. ફોજદારી કાયદાની પણ વ્યવસ્થિત વિચારણા થયેલી છે. લોકોની વૈરવૃત્તિ કે ગુનાખોરીના સંબંધમાં તત્કાલીન સામાજિક અને માનવીય વિચારણાને લક્ષમાં લેવામાં આવે છે.

**નારદસ્મૃતિ** ૪૦૦ એ.ડી.ના સમયમાં લખાયેલ હોય તેવો સંભવ છે. તેના પ્રથમ વિભાગમાં ન્યાયતંત્રની વિગતો છે. જ્યારે બીજામાં મનુસ્મૃતિનાં ૧૮ શીર્ષક હેઠળની માહિતીની ચર્ચા છે. નારદસ્મૃતિ મનુષ્યના વ્યવહાર અંગે પ્રકાશ પાડે છે. તેમાં પ્રાયશ્ચિત્ત અંગે કોઈ વિધાન નથી. તેમાં વારસો, મિલકત, ભાગીદારી, બક્ષિસ જેવા વિષયોની તાર્કિક ચર્ચા કરી છે. નારદસ્મૃતિ મૌખિક કરતાં લેખિત પુરાવાને વધુ સમર્થન આપે છે.

દાવા અરજી, પક્ષકાર પુરાવાની રજૂઆત, આરોપની સાબિતી વગેરે વિશે નોંધપાત્ર ચર્ચા કરવામાં આવી છે. હિંદુ લગ્નધારો ૧૮ મે ૧૯૫૫થી અમલમાં આવ્યો છે. ત્યાર પહેલાં રૂઢિ અને સામાજિક નિયમો અનુસાર છૂટાછેડા ભરણપોષણ વગેરેનું અનુસરણ થતું હતું.

વર્તમાન ફોજદારી કાયદાના સંદર્ભને સમજવા માટે હિંદુ કાયદાની ભૂમિકા પૂરક નીવડે તેવી છે.

દિન-પ્રતિદિન ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા, વડિલોની નીતિમત્તાનો હ્રાસ અને તેનો સમાજના લોકો પર પડેલો પ્રભાવ, મર્યાદા અને આચારવિચારને ફગાવીને અમર્યાદ વર્તન, ભૌતિકવાદનો પ્રભાવ, આજ્ઞાપાલન અને વિનય વિવેક જેવા ગુણોનું નિકંદન, અહમ્‌માં રાચવાની વૃત્તિ, સત્તા લાલસા, વર્તનમાં સ્વનિયંત્રણને સ્થાને અનિયંત્રણ, સુધારક-નવી વિચારધારાનું અનુસરણ, ધાર્મિક સાધુ સંતોનો સમાજ પરનો પ્રભાવ ઘટી જવો, ભ્રષ્ટાચાર અને આડંબર, વિચારોમાં સંઘર્ષ ને મંથન, નીતિશાસ્ત્ર, સામાજિક રૂઢિઓ નિયમો જ્ઞાતિપંચ - પ્રથા વગેરેમાં આમૂલ પરિવર્તન આવતાં જનજીવનમાં શાંતિ, સલામતી, વ્યવસ્થા સ્થપાય તે હેતુથી ધર્મને બદલે સરકારે બંધારણ અનુસાર ઘડેલા કાયદાઓ અને તેમાં વખતોવખત થતા સુધારાનો અમલ થઈ ગયો છે. તત્ત્વતઃ અંતરઆત્માનો અવાજ ને નીતિમત્તા એ માત્ર જાહેર સમારંભો ને પ્રસંગોમાં વિક્ટોરિયા રાણીના ઢંઢેરાની માફક ઉચ્ચારણ છે. વાસ્તવિક્તામાં તો કાયદો કે ફરજપાલનની નાગરિક જવાબદારી કોઈપણ ધર્મના સભ્ય તરીકે જે હોવી જોઈએ તે રહી નથી. પરિણામે કાયદાની લાંબી માયાજાળથી જીવન વ્યવહાર ચાલે છે.

જૈન ધર્મમાં બાર વ્રતોનો ઉલ્લેખ છે. મનુષ્ય પોતાના જીવનમાં જે કોઈ પાપ-ગુનો કે અમર્યાદ વર્તનથી અન્યને દુઃખ કે ત્રાસ આપે, સ્વાર્થવશ બનીને સ્થાવરજંગમ સંપત્તિ પચાવી પાડે, પૈસા કમાવા માટે અસત્ય વચન બોલવાં, તોલમાપ, લેણદેણ હિસાબની નોંધ, બે પક્ષકારો વચ્ચેના કરારની વિગતોમાં સુધારાવધારા, ખોટી સાક્ષી પૂરવી, અનૈતિક સંબંધો રાખવા, એમ વિશિષ્ટ પ્રકારની વિગતોનો જૈન અતિચારમાં સમાવેશ થાય છે તેનો તુલનાત્મક વિચાર કરતાં ખ્યાલ આવશે કે કાયદો નવો નથી, એ તો ધર્મમાંથી જ ઉદ્ભવ્યો છે લોકોની નૈતિક માન્યતાઓ સ્વાર્થ, વિલાસ, વિવેક બુદ્ધિનો અભાવ અને ઐહિક સુખની ઘેલછાને કારણે જીવનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિવર્તન આવ્યું, પરિણામે સામાજિક સુવ્યવસ્થા અને શાંતિમય જીવન માટે રાજ્ય તરફથી ધર્મના નિયમો કાયદા સ્વરૂપે અમલમાં આવ્યા છે. ધર્મની દૃષ્ટિએ જે વાતનો સ્વીકાર થતો નથી તે લાચારીથી કાયદાને આધીન વ્યક્તિને સ્વીકારવી પડે છે. તે કહેવાતાં સંસ્કારી માનવીનું ઘોર કલંક છે. ફોજદારી કાયદાની અને અતિચારની વિગતોની નીચે મુજબ છે.

'અતિચાર'ની તાડપત્રીય નોંધ સંવત ૧૩૬૯ની મળે છે, જેનું પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભમાં મુદ્રણ થયેલું છે. અતિચાર ગુજરાતી અને મારવાડી ભાષાના મિશ્રણવાળી જૈન સાહિત્યની ગદ્યરચના છે. નાણંમિ-અતિચાર સૂત્ર અને વંદિત્તુસૂત્રમાં અતિચારનો મિતાક્ષરી પરિચય છે. આપણાં સૂત્રો એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. નાણંમિ અને વંદિત્તુસૂત્ર પ્રાકૃત ભાષામાં છે. અર્થ સહિત આ સૂત્રોનું જ્ઞાન હોય તો અતિચારનું સ્વરૂપ સમજી શકાય છે. જ્યારે સૂત્રાર્થ જ્ઞાન ન હોય ત્યારે ગદ્યમાં અતિચારનું શ્રવણ અર્થ બોધમાં ઉપકાર નીવડે છે.

હિંસાની વ્યાખ્યા આપતાં ઉમાસ્વાતી સ્વામી તત્ત્વાર્થ સૂત્રમાં જણાવે છે કે પ્રમત્તયોગાત્ પ્રાણવ્યરો હિંસાઃ પ્રમાદવશ થઈને જીવનો વધ કરવો તે હિંસા છે. રાગદ્વેષ કે વૈરવૃત્તિથી જીવોનું મારણ - પીડન, છેદન, ભયોત્પાદન આદિ થાય તે પણ હિંસા જ છે. હિંસા બે પ્રકારની છે - દ્રવ્યહિંસા અને ભાવહિંસા. મન, વચન અને કાયાથી ક્રોધ, માન, માયા અને લોભ પૂર્વક જે ક્રિયાઓ થાય તેના પરિણામે તેવી વ્યક્તિ આત્મહત્યા કરે કે અગ્નિસ્નાન કરે તો તે દ્રવ્ય હિંસા છે. ચોરી-મિલકતની ઉચાપત, ભેળસેળ કે મિશ્રણ દ્વારા અન્ય વ્યક્તિ કે પરિવારને દુઃખી કરવા તે ભાવહિંસા છે.

''જીવો જીવસ્ય ભોજનમ્''ના સૂત્રની ભોગપ્રધાન મનોવૃત્તિવાળા કહેવાતા આધુનિકતાવાદીઓએ ત્યાગપ્રધાન ભારતીય સંસ્કૃતિના દેશમાં ''જીવો જીવસ્ય રક્ષણમ્'' સૂત્રને ચરિતાર્થ કરી બતાવવું જોઈએ, તો નૃજન્મ સાર્થક થાય. બાકી શક્તિશાળી માનવી માનવ સિવાયની જીવસૃષ્ટિનો સંહાર કરે તેમાં એની શક્તિની કોઈ બલિહાસ નથી. સાચી શક્તિ તો આત્મસ્વરૂપ પામવા માટે બતાવવાની છે, કે જેના પાયામાં અહિંસા ધર્મ છે.

આચારપાલન માટે જ્ઞાનની અનિવાર્ય આવશ્યકતા છે. અજ્ઞાનતાને કારણે વર્તનમાં દોષ લાગવાનો સંપૂર્ણ સંભવ છે. એટલે તો જ્ઞાન પહેલું અને પછી દયા કે અન્ય ધર્મનું આચરણ થાય. દશવૈકાલિક સૂત્રમાં તેનો ઉલ્લેખ થયેલો છે.

**''पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए ।**
**अन्नाणं किं काही किंवा नहा छेव पावगं''**

દશ. અધ્ય. ૪. ગા. ૧૦

પ્રથમ જ્ઞાન અને પછી દયા એવી રીતે સર્વ સંયમી પુરુષની સ્થિતિ છે. જે અજ્ઞાની હશે તે શું કરશે ? શું આચરશે ? અથવા પુણ્ય પણ કેવી રીતે જાણશે ? આ પ્રકારનો સંદર્ભ જ્ઞાનપંચમીના સ્તવનમાં પણ મળી આવે છે.

*''પ્રથમ જ્ઞાન પછી દયા રે સંવર મોહ વિનાશ.*
*ગુણથાનક પગ ઢાલિયે રે, જેમ લહો મોક્ષ આવાસરે.''*
*(૩) ભવિમા૦*

સાધુ અને શ્રાવકનાં વ્રતો તથા અન્ય નાનામોટા નિયમોના પાલનની પાર્શ્વભૂમિકા રૂપે જ્ઞાન જ ઉપયોગી છે. કોઈ વર્તન, પ્રવૃત્તિ કે ક્રિયામાં સ્ખલના થઈ છે કે દોષ લાગ્યો છે તે જ્ઞાન વગર જાણી શકાય નહિ. એટલે જ્ઞાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કર્મવાદના સિદ્ધાંત પ્રમાણે શુભાશુભ કર્મના બંધમાં કરવું કરાવવું અને અનુમોદના કરવી એમ ત્રણેનો સહયોગ છે. સારા કામમાં સહકાર આપવાથી વ્યક્તિની સાત્ત્વિકતામાં વૃદ્ધિ થાય છે. જ્યારે નીતિ ધર્મ-સમાજ કે કાયદાથી પ્રતિબંધિત વર્તન કે કૃત્ય કરવામાં આવે છે ત્યારે સાત્ત્વિક્તાને બદલે રાજસી અને તામસી પ્રકૃતિનો જ પરિચય થાય છે જે માનવને પશુતા તરફ ધકેલી દે છે. ''અહિંસા પરમો ધર્મ''ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે સમગ્ર જીવ સૃષ્ટિ પ્રત્યે દયાભાવ રાખવા જ્ઞાન આવશ્યક છે. મનુષ્યવધ, ખૂન, અપરાધ, મનુષ્યવધને લગતા ફોજદારી કાયદાની કલમ ૨૯૯થી ૩૧૮ સુધીની છે. આ વિભાગમાં ગર્ભપાત કરાવવો, ઉપેક્ષા દ્વારા મૃત્યુ નીપજાવવું, આત્મહત્યા કરવી. વગેરે અને તેમાં મદદગારી કરવી મનુષ્ય શરીર અને જિંદગીને લગતા ગુનાઓનો સમાવેશ થયેલો છે. ''ખૂનકા બદલા ફાંસી'' – લોક વ્યવહારમાં પણ આ કહેવત જાણીતી છે. કર્મશાસ્ત્ર પ્રમાણે એવું માનવામાં આવે છે કે :

*''હોય વિપાકે દશગુણુંએ એકવારકિયું કર્મ*
*સહસ્ર કોટી ગમે રે તીવ્ર ભાવના મર્મ રે*
*પ્રાણી જિન વાણી ધરો ચિત્ત ॥ ૩ ॥''*

સર્વ જીવોને પોતાના જેવા જ ગણીને સ્વરક્ષા સમાન અન્ય જીવોનું રક્ષણ કરવું જોઈએ, અહિંસા ધર્મનો આ મૂળભૂત વિચાર છે. હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં જણાવે છે કે :

**''आत्मवत् सर्व भूतेषु, सुख दुःख प्रियाप्रिये**
**चिंतयन्नात्मनोऽनिष्टां, हिंसा मन्यस्य नाचरेत्'' ૧૫.**

જેમ પોતાને સુખ વહાલું છે અને દુઃખ અપ્રિય છે. તેમ સર્વ જીવોને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે એમ જાણી પોતાને અનિષ્ટ લાગતી હિંસા બીજાના સંબંધમાં ન કરવી જોઈએ. અર્થાત્ બીજા જીવોને મારવા જોઈએ નહિ. હિંસા કરીને દાનપુણ્યથી છુટી જઈશું એ વિચાર યોગ્ય નથી. શાસ્ત્રમાં જણાવ્યું છે કે :

**''श्रूयते प्राणिघातेन रौद्रध्यानपरायणे ।**
**सुभूमे ब्रह्मदत्तश्च सप्तमं नरकं गतौ ॥ २७ ॥''**

પ્રાણીઓના ઘાત કરવા વડે કરી રૌદ્રધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત ચક્રવર્તીઓ સાતમી નરકે ગયા છે. વૈરભાવ અને હિંસાના પરિણામવાળા જીવો શાંતિથી નિદ્રા પ્રાપ્ત કરી શકતા નથી અને સતત ભયના વાતાવરણમાં જીવે છે.

હિંસાની પ્રવૃત્તિથી જ વ્યક્તિ ને સમષ્ટિની શાંતિનો સંહાર થયો છે. માનવશરીરધારી જે હિંસાનું સામ્રાજ્ય ચલાવી રહ્યો છે તે જોતાં શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાય ? સમગ્ર ધર્માચરણ, દાન, પુણ્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રિયદમન પણ જો હિંસાયુક્ત હોય તો નિષ્ફળ છે.

માનવીય ગુણોમાં કેન્દ્ર સ્થાને જીવદયા છે. દયા ''અન્યમાં પણ દયાધિક ગુણો જેહ જિનવચન અનુસાર રે,

*સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમક્તિ બીજ નિરધાર રે.*

*ચેતન જ્ઞાન અજુવાળીએ ॥ ૨૦ ॥''*

(અમૃત વેલની સજ્ઝાય)

ટૂંકમાં જે રક્ષક છે, જીવદયા, પ્રતિપાલક છે, અને પોતાના તમામ વ્યવહારમાં તેનું પાલન કરે છે તે નિર્ભય છે. પહેલા વ્રતના અતિચારમાં માનવહિંસા ઉપરાંત તિર્યંચ પંચેન્દ્રિયથી આરંભીને પૃથ્વીમયના સૂક્ષ્મજીવોની હિંસા ન થાય તે માટેની મહત્ત્વની માહિતી આપવામાં આવી છે. પ્રાણીઓને ઘાસ-ચારો સમયસર ન આપવો, મર્યાદા ઉપરાંત ભાર મૂકીને વહન વિહવું, મિલ્કતરૂપે ઢોરની લેવેચ કરવી, વગેરે દ્વારા હિંસા છે. તેનાથી વ્યક્તિ અને પ્રાણીઓને થતા માનસિક ત્રાસમાં વ્યક્તિ નિમિત્તરૂપ ન બને એવો વ્યવહાર મનુષ્યોએ કરવો જઈએ હિંસાનો અર્થ માત્ર મૃત્યુ નીપજાવવું એવો નથી પણ ધર્મ-નીતિ કે કાયદાના સંદર્ભમાં વિસ્તારથી સમજવાનો છે.

૭. કલમ ૨૯૫માં જણાવ્યા પ્રમાણે કોઈ વર્ગની વ્યક્તિઓના ધર્મનું અપમાન કરવાના ઇરાદાથી કોઈ ધાર્મિક સ્થળો અથવા તેમણે પવિત્ર માનેલ કોઈક વસ્તુનો નાશ કરવો, નુકસાન કરવું, અપવિત્ર કરવું. ક. ૨૯૫. A કોઈપણ વર્ગના ધર્મનું અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને એ વર્ગની ધાર્મિક માન્યતાઓ ઉપર હુમલો કરવાના ઇરાદાથી જાણી જોઈને દ્વેષબુદ્ધિથી કૃત્ય કરવું. ક. ૫૦૮માં જણાવ્યું છે કે જે કરવાનો અથવા નહિ કરવાનો ગુનેગારનો ઉદ્દેશ હોય તે જો કરવામાં આવશે, નહિ કરવામાં આવશે તો તે દૈવી અવકૃપાનો ભોગ બનશે એવું કોઈ વ્યક્તિને મનાવીને પ્રેરિત કરાવવામાં આવેલ કાર્ય શિક્ષાને પાત્ર છે. કાયદાની આ કલમો દ્વારા પણ મનુષ્યની ધર્મભાવનાની લાગણી દાખવીને માનસિક હિંસા ન થાય તેવો સંદર્ભ મળે છે. અહિંસા સંબંધી કાયદાની જોગવાઈઓને ધર્મબુદ્ધિથી વિચારીને જીવન વ્યવહાર ચલાવવામાં આવે તો વ્યક્તિની શાંતિ ને સલામતીનો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉકલી જાય તેમ છે. પ્રથમ વ્રતમાં ઉપરોક્ત હિંસા સંબંધી ધર્મ અને કાયદાની વિગતોનો સૂક્ષ્મ અભ્યાસ ને જાણકારી સૌ કોઈને માર્ગદર્શક બને તેવી છે.

૮. બીજા મૃષાવાદના વ્રતના અતિચારોમાં ખોટું આળ ચઢાવવું કૂડો લેખ લખ્યો, કૂડી સાખ ભરી થાપણો સો કીધો, કન્યા, ગૌ, ઢોર, ભૂમિ સંબંધી લેહણે દેહણે વ્યવસાયવાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા વગેરેમાં અસત્ય વચનો દ્વારા પાપનો બંધ થાય છે તેમ જણાવ્યું છે. ફોજદારી કાયદામાં કલમ ૧૯૧ ખોટો પુરાવો આપવો ખોટી સાક્ષી આપવીનો ઉલ્લેખ છે. સત્યનું આચરણ કરનારે આ દોષોથી બચવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૯. તોલ અને માપને લગતા ગુનાઓનો ફોજદારી કાયદામાં કલમ ૨૪૬થી ૨૬૭ સુધીમાં સમાવેશ કરેલો છે.

૧૦. ત્રીજા અદત્તાદાન નામના વ્રતમાં જણાવ્યા પ્રમાણે ચોરાઈ વસ્તુ વહોરી, સજીવ નિર્જીવ વસ્તુના ભેળસંભેળ કીધાં કૂડે કાટલે તોલે માન માપે વહોર્યા, દાણચોરી કીધી સાંટે લાંચ લીધી વિશ્વાસઘાત કીધો, ડાંડી ચઢાવી લહકે, ત્રટકે કૂડાં કાટલાં માનમાપાં કીધાં, થાપણ ઓળવી, આ પ્રકારની પ્રવૃત્તિઓ ધર્મની દૃષ્ટિએ યોગ્ય નથી તો વ્યવહાર અને કાયદાથી પણ તેનો ત્યાગ કરવા માટે જોગવાઈ થયેલી છે. આવાં કૃત્યો કરનારને કાયદાથી શિક્ષા થાય છે. વ્યક્તિની મિલકત લઈ લેવા અંગેના ગુનાઓ કલમ ૩૭૮થી ૪૨૪માં દર્શાવવામાં આવ્યા છે. તેમાં લૂંટ, ધાડ, ચોરી, જબરાઈથી કઢાવવું મિલકતની ગુનાહિત ઉચાપત, ઠગાઈચોરાયેલી મિલકત મેળવવી ઠગાઈ, દગલબાજીયુક્ત દસ્તાવેજો બનાવવા વગેરે ગુના અદત્તાદાન વ્રતની સાથે સામ્ય ધરાવે છે.

૧૧. ચોથા વ્રતના અતિચારમાં ઇત્વરપહગૃહિતાગમન, અપરિગ્રહિતાગમન, વિધવા, વેશ્યા, પરસ્ત્રી સાથે દૃષ્ટિ વિપર્યાસ કીધો, સ્વદારાસંતોષ વગેરે દ્વારા લગ્નજીવન અંગેનાં અતિચારોનો ઉલ્લેખ છે. ફોજદારી કાયદામાં કલમ ૪૯૩-૪૯૮માં આ સંબંધી વ્યવસ્થા છે. દ્વિપતિ-પત્નીકરણ, વ્યભિચાર, બળાત્કાર કોઈ સ્ત્રીને ગુનાહિત હેતુથી ભગાડવી, એ કાયદાથી પ્રતિબંધિત છે. અને તેને માટે શિક્ષાની જોગવાઈ છે.

કુદરતી ન્યાયનો સિદ્ધાંત કાયદામાં પણ કેટલેક અંશે સ્વીકારવામાં આવે છે કાયદો માનવતા વિરુદ્ધ હોવો જોઈએ નહિ.

પ્રાકૃતિક-કુદરતી કાયદાને પણ જાણવો જોઈએ.

૧૨. પ્રાકૃતિક ન્યાય એ કુદરત તરફથી મળે છે. જ્યારે ન્યાયાલયમાં પ્રાપ્ત થતો ન્યાય કે શિક્ષા એ કાયદાને આધારે મનુષ્ય દ્વારા નિર્ણિત થાય છે. પૈસા સત્તા કે લાગવગને કારણે કોઈ ગુનેગાર કાયદાથી છટકીને વ્યવહાર જીવનમાં નિર્દોષ જાહેર થાય પણ કુદરતના દરબારમાં તો તેને પોતાના કર્મનું ફળ પછી તે શુભ કે અશુભ હોય તો ભોગવવું પડે છે. કુદરતનો ન્યાય આ જ જન્મમાં મળે કે પુનર્જન્મમાં મળે તે કર્મવાદથી શ્રદ્ધાપૂર્વક જાણી શકાય છે. કુદરતી ન્યાય અદૃશ્ય છે. કયા કર્મની કેવી રીતે કોણે ફળશિક્ષા ભોગવી તેવા જ્ઞાની આ કાળમાં નથી. પ્રાકૃતિક કાયદાને Divine law, Natural law, Eternal law જેવા શબ્દોથી ઓળખવામાં આવે છે. તેમાં ગર્ભિત રીતે ધર્મની વિચારધારાઓનો પ્રભાવ રહેલો છે. કુદરતી કાયદો આત્મસાક્ષીએ પાળવાનો હોય છે. આધ્યાત્મિક સાધનાના નિયમોનું પાલન આ પ્રકારના કાયદાના ઉદાહરણરૂપ છે. કુદરતી રીતે કોઈ વ્યક્તિને ક્યારે શિક્ષા થશે તે જાણી શકાતું નથી. ''ઈશ્વરથી - પાપથી ડરો'' એ સૂત્ર કેન્દ્રમાં રાખીને વર્તન કરનાર વ્યક્તિને કુદરતી રીતે જ નિયમપાલનસ્ખલના માટે પ્રાયશ્ચિત્ત અને આચાર શુદ્ધિ કરવાની ભાવના થાય છે.

ધર્મગ્રંથોમાં માનવીય ગુણોના વિકાસ અંગેની આચારસંહિતાનો વિગતવાર ઉલ્લેખ થાય છે. આચારના નિયમોને નીતિશાસ્ત્રમાં સ્થાન આપવામાં આવ્યું છે. નીતિશાસ્ત્ર માનવવર્તનનું નિયંત્રણ કરતી આચારવિચારની ચોક્કસ માહિતી આપે છે. તેમાં વ્યક્તિએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ટૂંકમાં નીતિશાસ્ત્ર મનુષ્યના આદર્શ વર્તનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘડતર ને વિકાસનો રાજમાર્ગ બતાવે છે જેનું અનુસરણ કરનાર વ્યક્તિ જીવનમાં સુખ શાંતિના સામ્રાજ્યનો ભોક્તા થાય છે. નીતિશાસ્ત્રના નિયમોના ઉલ્લંઘન માટે કોઈ શિક્ષા કરવાની વ્યવસ્થા નથી. તે તો વ્યક્તિએ પોતે જ પોતાની જાતે માનવ તરીકેની જવાબદારી સમજીને પાલન કરવાના હોય છે. માનવ મૂલ્યોનું જતન કરવામાં નીતિશાસ્ત્રના વિચારોનો મહદ્અંશે ફાળો રહેલો છે. નીતિ દ્વારા સમાજની સભ્યતા, ગૌરવ અને ભવ્યતાનું દર્શન થાય છે. તેથી નીતિશાસ્ત્રના નિયમોની ઉપેક્ષા થઈ શકે નહિ. કાયદામાં કોઈ પણ એવો ન હોય કે જેનાથી માનવમૂલ્યોનો વિચ્છેદ થાય. ધર્મના સ્થાપિત થયેલા નિયમો વ્યક્તિ ને સમષ્ટિના કલ્યાણ માટે છે તેવી ઉદાર ભાવનામાં આત્મ કલ્યાણનો પણ સમાવેશ થાય છે.

૧૩. ડો. શેઠના ન્યાયશાસ્ત્રના સંદર્ભમાં જણાવે છે કે ''લોક-સમૂહના કાયદાઓના અરીસામાં તેની સંસ્કૃતિનું અને તેની વિચારસરણીનું પ્રતિબિંબ પડે છે. તેના કાયદાઓના ઉચ્ચસ્તરો ઉપરથી દેશની સભ્યતાની ભાવનાની તેના સકારાત્મક નીતિશાસ્ત્રની અનુભૂતિ થાય છે.'' કાયદાના ભંગ માટે ન્યાયાલય દ્વારા આરોપીનો ગુનો પુરવાર થતાં શિક્ષા ફરમાવવામાં આવે છે.

૧૪. ન્યાયશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે શિક્ષાના ચાર પ્રકાર છે.

**નિવારક :** કાયદાનું મુખ્ય ધ્યેય એ છે કે અપરાધીને શિક્ષા કરવામાં આવે તો તેના જેવું માનસ ધરાવનારા સમાજના અન્ય લોકો તેને ચેતવણીરૂપ ગણીને અપરાધ કે ગુનો ન કરે. અપરાધ એ અપરાધીને માટે કદી પણ લાભકારક હોતો નથી. તેનાથી અંતે તો ઐહિક નુકસાન છે. પારલૌકિક દૃષ્ટિએ પણ તેને જન્મધારણ કરીને દુ:ખ (ફળ) ભોગવવું પડે છે. આ પ્રકારની શિક્ષા દૃષ્ટાંત રૂપ બનીને દુનિયાના લોકો અપરાધના માર્ગે જતા અટકે તેવો હેતુ રહેલો છે.

**નિરોધક :** નિવારક શિક્ષા અપરાધીના મનમાં ભય પેદા કરીને અપરાધ નહિ કરવા માટે પ્રેરક બને છે. જ્યારે નિરોધક શિક્ષામાં અપરાધીને નિર્યોગ્ય કરીને અપરાધથી અટકાવવાનો છે. દા.ત. દેહાંતદંડની શિક્ષા કારાવાસ, ડ્રાઇવીંગ લાયસન્સ રદ કરવું વગેરે નિવારક શિક્ષા અપરાધ ન કરવાનો ભય ઉત્પન્ન કરાવે છે. જ્યારે નિરોધક શિક્ષાથી અપરાધીને નિર્યોગ્ય (disable) બનાવવામાં આવે છે.

**સુધારકશિક્ષા :** અપરાધીના ચારિત્ર અને તેની મુરાદના સંઘર્ષમાંથી ગુનો કરવાનું નિમિત્ત મળે છે ત્યારે તેના ચારિત્રને મજબૂત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે આ સિદ્ધાંત પ્રમાણે ગુનેગાર એક રોગી છે અને તેના રોગનું નિવારણ કરવાનું કાર્ય કરે છે. રોગીને મારી નાખીને રોગ મટાડી શકાશે નહિ એમ સમજવાનું છે. સુધારક શિક્ષા તરીકે કારાવાસ અને પરિવીક્ષણ (Probation) વધુ અસરકારક છે.

એવા પણ કેટલાક ગુનેગારો છે કે જે જીવનમાં કદી પણ સુધરવા માગતા જ નથી અને રીઢા ગુનેગાર બની ગયા છે. તેઓને માટે નિવારક અને સુધારક શિક્ષાનો સમન્વય જ ઉપયોગી બને છે.

**પ્રતિકારક શિક્ષા :** આ શિક્ષાથી સમાજમાં નૈતિક સંતોષની લાગણી પ્રગટે છે. કાયદાની ભાષામાં ''આંખ માટે આંખ અને દાંત માટે દાંતનો'' પ્રાકૃતિક નિયમ રહેલો છે. સમાજના લોકો અપરાધીનો તિરસ્કાર કરે તો તેથી તે અપરાધમાંથી બચી શકતો નથી. આ શિક્ષાનો એક અર્થ પ્રાયશ્ચિત્ત રૂપે ગણવાનો છે. અપરાધીને દોષ પૂર્ણ કૃત્ય માટે દંડ આપવો પડે છે. અન્યાયને સ્થાને ન્યાય સ્થાપવા માટે શિક્ષા કાર્ય કરે છે. કોઈ વ્યક્તિને નુકસાન થાય તો તે ન્યાયસંગત રીતે તેવી વ્યક્તિ દ્વારા અન્યને નુકસાન ભરપાઈ કરવાનું અનિવાર્ય બને છે.

ન્યાયશાસ્ત્રમાં આવી શિક્ષાના પ્રકારનો વિચાર કર્યા પછી ગુનેગારને દેહાંત દંડ, દેશ પાર કરવો. દૈહિક કે શારીરિક શિક્ષા, કારાવાસ, જેલવાસ, અનિર્ધારિત સજા, દંડ (આર્થિક), એકાંત કારાવાસ જેવી શિક્ષાઓમાંથી ગુનાને અનુલક્ષીને દંડસંહિતા પ્રમાણે ન્યાયાલયમાં શિક્ષા નિર્ધારિત થાય છે.

કર્મસત્તાની દૃષ્ટિએ શિક્ષા એટલે અશુભ કર્મનો બદલો ભોગવવા માટે જન્મમરણના ચક્રમાં ફરવાનું. ૮૪ લાખ જીવયોનિમાં ભ્રમણ કરવાનું છે. વ્યક્તિનું ચારિત્ર ઊંચા પ્રકારનું ઘડવામાં ધર્મનો ફાળો છે. સદ્ગુણો ને સંસ્કારોનું પોષણ થાય તો પછી ગુનાહિત માનસ બને નહિ એટલે ધર્મ ને ભૂલીને અમર્યાદ-અતંત્રતાનો રોગ સમાજને લાગુ પડ્યો છે. તેને કારણે ગુનાઓની સંખ્યા વધતી જાય છે. જૈન અને અન્ય દર્શનોમાં પણ નરકનાં દુ:ખોનો સંદર્ભ મળે છે. આ નરકભૂમિ અમાવાસ્યા કરતાં પણ કાળી છે. તેની ભૂમિ લીમડા કરતાં પણ અધિક કડવી છે. પ્રકાશ તો નામ માત્ર નથી. માત્ર અંધકારનું સામ્રાજ્ય ચોતરફ વિસ્તરેલું હોય છે. અહીંની જગા પણ અશુચિમય પદાર્થોથી ઉભરાતી, લીંટ, પરૂ, લોહી, પેશાબ, ચરબી, વિષ્ટા આદિથી અત્યંત દુર્ગંધમય હોય છે. જ્યાં જીવો પોતાનાં અશુભ કર્મ ભોગવવા માટે જન્મ લે છે. પરમાધામી દેવો પૂર્વજન્મનાં અશુભકર્મોનું સ્મરણ કરાવીને શિક્ષા ભોગવવાની ફરજ પાડે છે. ત્યારે આ જીવ છટકી શકતો નથી. આવી અશરણ દયનીય હાલત નારકીના જીવની હોય છે. અપરંપાર વેદના સહન કરવા માટે નરક ભૂમિ છે. જ્યાં વેદનાની કારમી ચીસો ને બચવા માટે આજીજી ને કાકલુદી સંભળાય છે. કાયદામાં શિક્ષાનું સ્વરૂપ છે. કર્મસત્તા દ્વારા થતી શિક્ષાનાં ઉદાહરણ નીચે મુજબ છે :

માયા-કપટ કરનારને તિર્યંચનો અવતાર મળે છે. પરસ્ત્રી સાથેના સંબંધનું ફળ લોખંડના થાંભલા સાથે બાંધવામાં આવે છે અને મસ્તક પર તલવારથી ઘા કરે છે. ચોરી અને જુગારના વ્યસનમાં ફસાયેલા જીવોને ઘાણીમાં પીલવામાં આવે છે. બીજાને અન્યાય કરવાવાળી વ્યક્તિને સળગતા અગ્નિમાં જ્વાળાઓથી બળીને ત્રાસ ભોગવવો પડે છે. ખોટા ચોપડા લખીને અન્યને છેતરનાર વ્યક્તિને ભૂંડ જેવાં પ્રાણીઓ નરકમાં એના શરીરને ખાઈ જાય છે. કષાય કરવા ઉત્તેજન આપવાના કર્મની શિક્ષા પરમાધામી દેવો વ્યક્તિને ઊંધા મસ્તકે અગ્નિમાં મૂકીને તાડન કરે છે. તોલ-માપમાં ધોખાબાજી કરનારને અગ્નિમાં પ્રવેશ કરાવીને સખત શારીરિક શિક્ષા થાય છે. પરનિંદા ચાડી-ચુગલી કરનારને સર્પ-અજગર વીંછી જેવાં પ્રાણીઓ વ્યક્તિને ડંખ-પીડા આપીને મારી નાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મસ્થાનમાં વહીવટમાં બેદરકારી, ઉપેક્ષા, ગેરવહીવટ કરનારને પરમાધામી દેવો સખત શારીરિક શિક્ષા દ્વારા ત્રાસ આપે છે. વિશ્વાસઘાત અને અસત્ય બોલનારને અગ્નિમાં બાળી મૂકવામાં આવે છે. કોઈ વ્યક્તિને બાળી મૂકનાર વ્યક્તિને અગ્નિમાં નાખીને તલવારથી છેદન કરવામાં આવે છે.

પ્રાણીઓનું શોષણ કરે તેને બળદની જગાએ સ્થાન આપીને ઘાણીની આજુબાજુ ફરવું પડે છે. સાસુ-વહુ એકબીજાને હેરાનગતિ કરે તેનાં ફળ સ્વરૂપે પરમાધામી દેવો ભાલાથી ઘા કરીને ત્રાસ આપે છે. નશીલા પદાર્થોનું સેવન કરનાર વ્યક્તિને ધખધખતા સીસાનો રસ પીવડાવવામાં આવે છે. આપઘાત કરનાર વ્યક્તિને પરમાધામી દેવો લોખંડની ગદા મારીને હેરાન પરેશાન કરે છે. પક્ષીઓનો શિકાર કરનારને નારકીનાં પક્ષીઓ ચાંચ મારીને વ્યક્તિના શરીરને ફોલી ખાય છે. અતિચાર અને ફોજદારી ધારાના તુલનાત્મક પરિચયમાં શિક્ષા અંગેની માહિતી પણ તેના એક ભાગરૂપે મૂકવામાં આવે છે જેથી સમગ્ર રીતે અભ્યાસ કરનારને માનવજન્મની સાર્થકતા, નીતિમય જીવનવ્યવહારશુદ્ધિ અને આવાં શુભ નિમિત્તોથી સાદું જીવન અને ઉચ્ચવિચાર દ્વારા આત્મકલ્યાણના પાત્રી બનવાનું ભાથું પ્રાપ્ત થઈ શકે છે.

આ રીતે વિચારતાં ધર્મ અને કાયદાનો અવિભાજ્ય સંબંધ છે. ધાર્મિક અશ્રધ્ધા અને આચારની શિથિલતાનું પ્રમાણ દિનપ્રતિદિન વધી જતાં કાયદાનું પ્રમાણ વધ્યું છે. આ વિશ્વમાં સૂર્ય, ચંદ્ર, સમુદ્ર જેવાં શાશ્વત પ્રકૃતિતત્ત્વો સમાન ધર્મ શાશ્વત છે. એનું સ્વરૂપ બદલાતું નથી. માણસ પોતાને અનુકૂળ આવે તેવા મનસ્વી સુધારા કે ફેરફારો કરીને ધર્મને નવું સ્વરૂપ આપી પ્રચાર કરે છે. તેનાથી ધર્મ દ્વારા આત્માના અનંત સુખની પ્રાપ્તિનો એક અને અંતિમ હેતુ સિદ્ધ થતો નથી માત્ર ભવભ્રમણ વધે છે. સમાજના લોકો કાયદાથી ગભરાય છે. તેમાંય લક્ષ્મીનંદનો તો કાયદાથી પણ ગભરાતા નથી. પૈસાથી સત્તાને અધિકાર ખરીદી શકાય છે. એવો ન્યાય તોળાય છે. વ્યવહારજગતમાં માણસ આમ છટકી જાય તો કર્મસત્તા ઉદયમાં આવે ત્યારે નિરાધાર બની ચોધાર આંસુએ રડવા છતાં કોઈ મદદરૂપ થતું નથી. કર્મ તો એકલાએ જ ભોગવવાનાં છે. તેનો જો વિચાર કરવામાં આવે તો વ્યવહાર જીવનમાં આચારશુદ્ધિ વધે. કોર્ટમાં કાયદાને આધારે ન્યાય અપાય છે. ગુનો કરનાર વ્યક્તિ કાયદાની છટકબારીઓ વકીલ મારફતે શોધીને છટકી જાય - નિર્દોષ જાહેર થાય અને સંતોષ માની જીવે પણ અવિનાશી આત્મા કર્મ પ્રમાણે નવું શરીર ધારણ કરીને કર્મોનું ફળ ભોગવે છે.

પ્રતિક્રમણની શાસ્ત્રોક્ત ક્રિયા દ્વારા અતિચારનું સ્મરણ કરીને આત્મશુદ્ધિ થાય છે. પ્રતિક્રમણની ક્રિયા એટલે મિથ્યાત્વમાંથી પાછા હઠીને સમ્યક્ત્વમાં સ્થિર થવું અવિરતિમાંથી વિરતિમાં જોડાવું. પ્રમાદમાંથી મુક્ત થઈને નિયમ-સંયમમાં પ્રવૃત્ત થવું. ક્લેશવાસિત સંસારની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈને ક્લેશરહિત થવા માટેની મહાન ઉપકારી પવિત્રને મોક્ષ માર્ગની દ્યોતક છે. કષાયની શાંતિ ક્ષમા, નમ્રતા, સંતોષ અને સરળતાના ગુણોથી થાય છે. સવાર, સાંજ, પાક્ષિક, ચોમાસી અને સંવત્સરીની પ્રતિક્રમણની આરાધનાથી સાચા અર્થમાં ભવ્ય જીવોને કર્મ રહિત થઈને નિર્મળ ચારિત્રના પાલનમાં એકસાધન રૂપ બને છે.

ધર્મની તમામ ક્રિયાઓમાં દ્રવ્યબળની, સાથે ભાવબળ મહત્ત્વનું છે. પ્રતિક્રમણની આરાધનામાં ભાવબળની વૃદ્ધિ થતાં વ્રતની સ્ખલનાકે નાની મોટી ભૂલોને યાદ કરીને પ્રાયશ્ચિત્ત કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' કહીએ છીએ તો તેવી ક્ષમાપનાનો આદર્શ જીવનમાં મૂર્તિમંત કરવા માટે વિચારો ઉપયોગી બને છે.

ક્ષમા એટલે ક્રોધથી મુક્તિ-વૈરનો ત્યાગ અને સહનશીલતા.

૧૫. **''खंती सुहाण मूलं, मूलं धम्मस्य उत्तमा खंती**
**हरइ महाविक्खाइव खंती दुरिसाई सव्वीरं ॥''**

સભ્યોનું મૂળ શાંતિ ક્ષમા છે. ધર્મનું મૂળ પણ ઉત્તમ ક્ષમા છે. તે મહાવિદ્યાની જેમ સર્વ દુરિતોનો નાશ કરે છે.

અતિચારો લાગ્યા હોય તેનું શોધન કરીને મનવચન અને કાયાના શુભયોગથી પ્રાયશ્ચિત કરી પુનઃદોષ ન લાગે તેની સતત યતના કરવા અતિચારનું મહત્ત્વનું-મૂળભૂત લક્ષણ છે. અતિચારની મૂળ ગાથાઓ ભદ્રબાહુસ્વામીએ રચેલા દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં મળે છે. આ વિષય પર હરિભદ્રસૂરિની ટીકા ઉપલબ્ધ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ આવો સંદર્ભ પ્રાપ્ત થાય છે. એટલે વ્રત-નિયમ અતિચાર અને પ્રાયશ્ચિત્ત એકબીજા સાથે શરીર અને આત્માસમાન સંબંધ ધરાવે છે. આ બધાંમાંથી કોઈની પણ ઉપેક્ષા થઈ શકે નહિ.

કાયદામાં પણ કોઈપણ ગુનો કરવા માટે સહાય કરવી, ઉત્તેજન આપવું તે માટે શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે. ફોજદારી કાયદામાં મદદગારી ૧૬ (Abetment) અંગે કલમ ૧૦૭થી ૧૨૦ સુધીનાં કાયદાની માહિતી છે. કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને ગુનો કરવા માટે ઉશ્કેરણી કરે, કાવતરા દ્વારા મદદ કરવી, ગુનાહિત કૃત્ય કરવા માટે કોઈ પણ પ્રકારની સહાય કરવી આ કાયદામાં ઈરાદાનો પણ સમાવેશ થયેલો છે.

ધર્મમાં કર્મબંધ માટે મન-વચન અને કાયા એમ ત્રણનો ઉલ્લેખ છે. મનથી કર્મબંધ કે અશુભ કૃત્યોનું ચિંતવન એ પાપ છે. મનથી બંધાતાં કર્મને કાયદાની પરિભાષામાં ઈરાદા સાથે સમાન રીતે ગણવામાં આવે છે. 'ઈરાદા' કે મનથી બાંધેલું કર્મ એક માનસિક પ્રક્રિયા છે. અને તે વર્તન કે માણસની ચાલચલગત દ્વારા સંયોગો કે આચરણ કરેલા ગુનાને આધારે જાણવા કે માનવા માટે કારણરૂપ છે. દુષ્કૃત્યો કરવાં, કરાવવાં અને અનુમોદના કરવી એ ધર્મની દૃષ્ટિએ પાપ કર્યા સમાન છે અને તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. કૃત્યની પાછળ મનુષ્યનો ઈરાદો રહેલો છે. મનમાં વિચાર-ઈરાદો (Intention) ઉદ્ભવે નહિ ત્યાં સુધી કોઈ કૃત્ય વાસ્તવિક રીતે થતું નથી. ધર્મની તમામ ક્રિયાઓ અને આન મનશુદ્ધિ માટે છે. પણ વ્યવહારમાં ક્રિયાની જડતા જોવા મળે છે એટલે માણસ વર્ષો પછીની આરાધનાને અંતે હતો તેવો જ રહ્યો છે એ કરૂણ ઘટના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયદો સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ અને સલામતી માટે છે. તેના દ્વારા વ્યક્તિને વિશ્વશાંતિ પ્રાપ્ત થઈ શકે છે. પૂર્વકાલીન સમયમાં જે કામ ધર્મથી થતું હતું ને જીવનમાં શાંતિને આબાદી હતી તે આજના ભૌતિકવાદી અંતિમ વલણના યુગમાં મૃતઃપ્રાય થઈ ગઈ છે. છતાં શાંતિની વાટાઘાટો, શિબિર, રાષ્ટ્રીય પરિતોષિક જેવી આડંબરશાહી રીતરસમો ચાલી રહી છે. પણ વાસ્તવિકતામાં શાંતિની દિશામાં શૂન્યાવકાશથી આગળ કોઈ પ્રગતિ થઈ નથી. સાચી શાંતિ, સુખ ને સમૃદ્ધિ એ આત્માની છે જે વ્યક્તિના પોતાનામાં સ્થિત છે. તેનું શોધન કરવાનું છે. મનુષ્યજન્મ એટલે જીવનશોધન અને તેના દ્વારા આત્મશોધન. તે માટેનો રાજમાર્ગ આચાર સંહિતાનું અણી શુદ્ધ સ્વયંશિસ્ત અને ગુરુ આજ્ઞા - વિનય ધર્મનું પાલન, વિવેક મર્યાદા જેવા ગુણો દિનપ્રતિદિન લુપ્ત થતા ગયા અને માનવતાના નામે સત્તાલાલસા-શોષણ-ધનલાલસા-વૈરવૃત્તિ અહમ્‌નો ગુણાકાર કરવાની વૃત્તિ-ગુલામી મનોદશામાં પ્રજાને પીસવી જેવી પ્રવૃત્તિઓથી ઉભરાતું રાજ્યતંત્ર મનુષ્યને શાંતિ આપી શકે તેમ નથી. અંતે તો ચાર શરણ વગર ઉદ્ધાર કોઈનોય થયો નથી ને થવાનો નથી એ એક શાશ્વત સૂત્રને જીવનમાં ચિંતન અને મનન કરી પચાવવાથી સાચી શાંતિના સામ્રાજ્ય તરફ પ્રગતિ થાય.

અતિચાર અને ફોજદારી કાયદાના તુલનાત્મક વિચારોનું નિરૂપણ માનવજીવનનાં કિંમતી વર્ષો, સ્વછંદતા-અનાચારનીતિને બદલે આત્માર્થે નિયમ-સંયમ દ્વારા વીતે ને શાશ્વતસુખ મેળવવામાં પથ પ્રદર્શક બની આત્મકલ્યાણ કરે તે તરફ સુજ્ઞવાચકો ધર્મપ્રેરણા પ્રાપ્ત કરી સ્વ-પરના હિતમાં નિમગ્ન થાય એવી ઉદાર ભાવનાથી અભ્યાસલેખ તૈયાર કર્યો છે. આનો વિસ્તારથી અભ્યાસ કરવા અન્ય કાયદાઓ સાથે પણ તુલના થઈ શકે. પણ ફોજદારી કાયદાના સંદર્ભમાં માનવ વ્યવહાર વર્તનની વિશુદ્ધિનો મૂળભૂત વિચાર કેન્દ્રમાં રાખ્યો છે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org